# શહેરમાં વાઈરલ ફીવરના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના નગરજનો અત્યારે હાલ બેવડી સિઝનનો અનુભવ કરી રહ્યા છે. નગરજનો સવારે કાતિલ ઠંડીનો સામનો કરી રહ્યા હોય છે તો બપોરે પંખા ચાલું રાખવા પડે તેવી પરિસ્થિત ઉભી થવા પામી છે. ડબલ સિઝનને કારણે શહેરમાં ઘેર ઘેર બિમારીના ખાટલા મંડાયા છે. સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગ તેમજ સાંજ ઢળતાં જ ખાનગી દવાખાનામાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.નગરમાં બેવડી રૂતુને કારણે દર્દથી પિડાતા પથારીવશ વૃધ્ધોની હાલત કફોડી બની જવા પામી છે.

ગાંધીનગર શહેરના હવામાનમાં અચાનક પલટો આવતા વાદળછાયું વાતાવરણ સર્જાતા નગરજનો હેરાન પરેશાન થઈ ગયા છે. શિયાળાની સિઝનમાંહવામાન પલટાતા નગરજનો બેવડી સિઝનનો અનુભવ કરી રહ્યા છે. નગરમાં સવારે હાડ થિજાવતી કાતિલ ઠંડી પડી રહી છે. જેમાં નગરજનો ઠુંઠવાઈ રહ્યા છે તો બીજી તરફ સુરજ ઉગ્યા બાદ બપોરના સુમારે તો નગરજનો પરસેવે રેબઝેબ થઈ જતા ઘરોમાં તેમજ સરકારી કચેરીઓમાં પંખા ફરતા દેખાય છે. બેવડી રુતુના કારણે નગરજનો અત્યારે હાલના સમયે બિમારીમાં પટકાયા છે. શહેરમાં ઘેર ઘેર ટાઈફોઈડ, મેલેરીયા, તાવ, ઝાડા-



ઉલ્ટી, શરદી,ના દર્દીઓ જોવા મળે છે. વાતાવરણ બદલાતા નગરજનોની હાલત કફોડી બની ગઈ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડી વિભાગમાં દર્દીઓ સારવાર માટે જતા લાંબી લાઈનો જોવા મળે છે તો બીજી તરફ સાંજ ઢળતાં જ નગરમાં ખાનગી દવાખાના ચલાવતા ડોકટરો ને ત્યાં અગાઉથી દર્દીઓને એપોઈન્ટમેન્ટ લેવી પડે તેવી પરિસ્થિત ઉભી થવા પામી છે. ગાંધીનગરમાં વયોવૃધ્ધ પથારીવશ દર્દીને આ વાતાવરણમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શિયાળામાં આ પ્રકારના હવામાનને કારણે વાઈરલ ફીવરના દર્દીઓમાં વધારો થતા નગરજનો ચિંતિત બન્યા છે. જયારે તાવ અને શરદી ખાંસીને કારણે નગરજનોને કાંઈ ગમતું ન હોવાથી નોકરી કે વેપારમાં મન પરોવાતું નથી. બેવડી રુતુને કારણે નગરવાસીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.

## @ગાંધીનગર

● સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપક્રમે ડૉ. બાબાસાહેબની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે સાંજે ૭.૩૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે લોકડાયરો યોજાશે.

● શિવ કૃપાનંદ સ્વામી દ્વારા પ્રેરિત સમર્પણ ધ્યાન શિબિર સાંજે ૭ થી ૯.૩૦ કલાક દરમિયાન પ્લોટ નં. ૯૭/૧, સેકટર-૩-એ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## આજે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ગગનોત્સવ' યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તા.૧૯મી જાન્યુઆરીના રોજ બપોરે ૧૧ થી ૪ કલાક દરમિયાન સેકટર-૨૦ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે 'ગગનોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ પતંગ ઉડાડશે, પતંગ બનાવશે અને પતંગની ડોકયુમેન્ટરી નિહાળશે તેમજ પતંગ વિષેની ઐતિહાસિક માહિતીનું રસપાન કરશે. ગાંધીનગર શહેરની આમંત્રિત શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો હાજર રહેશે તો આ કાર્યક્રમ નિહાળવા માટે જણાવાયું છે.

## અડાલજમાં પ્રાઈમસ ફાટતા દાઝી ગયેલા આધેડનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના અડાલજ સ્થિત મહાદેવ વાડા વાસ ખાતે એક મકાનમાં પ્રાઈમસ ફાટતા ચા બનાવી રહેલા ૪૫ વર્ષીય આધેડ ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં આજે સારવાર દરમિયાન આધેડનું મોત નિપજયું હતું. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અડાલજના મહાદેવ વાસ ખાતે રહેતા ભરતજી મંગાજી ઠાકોર (ઉ.વ. ૪૫) પોતાના મકાનમાં બપોરે પ્રાઈમસ પર ચા બનાવી રહ્યા હતા ત્યારે અચાનક જ પ્રાઈમસમાં ખામી સર્જાતા જોરદાર ભડકો થયો હતો. આથી આગની લપેટોમાં ભરતજી લપેટાઈ ગયા હતા. પરિણામે શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. આગની ઘટના બનતા પરિવારજનો ઘાયલ ભરતજીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ લઈ આવ્યા હતા. તબિયત ગંભીર જણાતા તેઓને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં આજે બપોરે સારવાર દરમિયાન ભરતજી ઠાકોરનું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની હેન્ડબોલની અન્ડર-૧૪ ગૃપના છોકરાઓની ટીમે તાજેતરમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ ટીમના ખેલાડીઓએ નવી દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્કૂલ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના તેમના કોચ નિમેષ પટેલે તમામ ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગાંધીનગરમાં બીનવારસી મૃતકના સગાની શોધખોળ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલમાં ત્રણ દિવસ અગાઉ ૭૦ વર્ષીય અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો જેને શરીરે સફેદ શર્ટ તથા કમરે કાળ રંગનું પેન્ટ પહેરેલ છે. મૃતકના માથે સફેદ વાળ, પીઠમાં કાળો તલ છે. આ અજાણ્યા વૃદ્ધના મૃતદેહને ગાંધીનગર સિવિલના કોલ્ડરૂમ ખાતે મુકવામાં આવ્યો છે અને પોલિસ આ અજાણ્યા વૃધ્ધના વાલી વારસોની શોધખોળ કરી રહી છે ત્યારે સંબંધીત અજાણ્યા વૃધ્ધના પરિવારોએ સેકટર-૭ પોલીસ મથકમાં સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## શહેરમાં વાહન ચોરોનો તરખાટ

**બે દિવસમાં બે ટુ વ્હીલર અને એક કાર મળી કુલ ૩ વાહન ચોરાયા પોલીસની નિષ્ક્રીયતાને લીધે શહેરીજનોમાં રોષ**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં પોલીસની નિષ્ક્રીયતા અને બેદરકારીને લીધે સતત વાહન ચોરીને વાહન ચોરો અંજામ આપી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી આંતરે દિવસે શહેરમાં વાહન ચોરીના ધોળે દિવસે કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે ત્યારે આજે વાહનચોરો સે-૨૧ પોલીસની હદમાં ધોળે દિવસે બે ટુ વ્હીલર અને એક ફોર વ્હીલર મળી કુલ ૩ વાહનની ચોરી કરી પોલીસના ગાલે સણસણતો તમાચો માર્યો છે. શાંત અને સુરક્ષિત ગાંધીનગરમાં ધોળે દિવસે ત્રણ વાહન ચોરીના બનાવો બનતા શહેરીજનોમાં પોલીસ સામે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ભરચક ગણાતા સે-૨૧ શાકમાર્કેટ નજીક રાજેશ નાથાભાઈ સાડલીયા પોતાના કામ અર્થે બાઈક નં. જીજે-૧૮-પી-૨૧૨૨ લઈ આવ્યા હતા અને પોતાનું બાઈક પાર્ક કરી ગયા હતા જયાં થોડા સમય બાદ બાઈક લેવા પરત આવ્યા પરંતુ આ દરમિયાન કોઈ ચોર ઈસમ રૂ. ૧૦,૦૦૦ની કિંમતના બાઈકની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયો હતો. પરિણામે બાઈક માલિકે સે-૨૧ પોલિસમાં બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

શહેરમાં બીજા વાહન ચોરીનો બનાવ આજે બપોરના સમયે બન્યો હતો. જેમાં સે-૬ ખાતે રહેતી યુવતી ફોરમ સંજયભાઈ બારોટ પોતાનું એકટીવા નં જીજે-૧૮-એએલ ૯૨૩૬ લઈ ઘ-૪ સ્વર્ણિમ પાર્ક ખાતે ગઈ હતી અને સામે ભાગે એકટીવા પાર્ક કર્યું હતું ત્યારે ગણતરીની મીનીટોમાં જ કોઈ ચોર ઈસમ એકટીવા લઈ ફરાર થઈ ગયો હતો. જયારે અન્ય એક બનાવમાં શહેરના સે-૨૬ ખાતે રહેતા અનુપસિંહ ભમરસિંહ ચાવડા પોતાની કાર જીજે-૧૮-એબી-૩૩૬૮ લઈ ગત ૩૦મીએ સે-૩૦માં ગયા હતા અને રવિ તેજસ નામની દુકાન પાસે કારને પાર્ક કરી હતી. બાદમાં આજે કોઈ ઈસમ આખે આખી કારની ઉઠાંતરી કરી ગયો હતો. આ ત્રણેય ચોરીના બનાવ અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વારંવાર શહેરમાં બનતા વાહન ચોરીના કિસ્સાને લઈ પ્રજાજનોમાં પોલીસ સામે રોષની લાગણી ઉભી થવા પામી છે.

## આઈટીઆઈમાં યોજાયેલ સંશોધન સ્પર્ધામાં ધોળાકુવાનો યુવાન પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સે-૧૫ની આઈટીઆઈમાં સ્વામી વિવેકાનંદ



જન્મ જયંતિની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી. તેમાં વિવિધ વિષયે પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે યોજાયેલ આ પ્રદર્શનમાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રના તાલમાર્થીઓ દ્વારા અલગ અલગ વિષયે સંશોધનો રજૂ કરાયા હતા. જેમાં જનરલ ટ્રેડ બેચ ૭૨માં અભ્યાસ કરતા ધોળાકુવા ગામના યુવાન મહેન્દ્ર બુધાજી ઠાકોરે પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો.

રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે યોજાયેલ પ્રદર્શનમાં વિદ્યાર્થી દ્વારા ઉત્કૃષ્ઠ સંશોધનો પ્રસ્તુત કરાયા હતા. આ ઉપરાંત અનેક પ્રકારના મોડેલ્સ બનાવી તેને પ્રદર્શિત કરાયા હતા. આઈટીઆઈના પેઈન્ટર જનરલ ટ્રેડના તાલમાર્થી મહેન્દ્ર ઠાકોર દ્વારા આ પ્રદર્શનમાં 'બેટી બચાવો' અભિયાન તથા 'સ્વામી વિવેકાનંદ અને તેમનો ઉપદેશ' વિષયે થર્મોકોલના ઉપયોગ વડે થ્રીડી મોડેલ બનાવી રજુ કરાયું હતું. આ મોડેલમાં તેમણે ઋષિ આશ્રમ અને રાજમહેલ વગેરેની અદબૂત થ્રીડી પ્રતિકૃતિઓ બનાવી હતી. તેમની કૃતિને સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા જાહેર કરાઈ હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલા રાજય કક્ષાના મંત્રી દિલિપજી ઠાકોર તથા નાયબ નિયામક જી.એન. પારેખ અને આઈટીઆઈના આચાર્ય બી.આર. વ્યાસના હસ્તે પ્રમાણપત્ર આપી મહેન્દ્ર ઠાકોરને નવાજવામાં આવ્યા હતા.

## વાતવાતમાં

● થોડાક દિવસો પૂર્વે ગાંધીનગરની કોર્ટમાં કાર્યરત વકીલોને એક ફોર્મ ભરાવડાવી તેમના મોબાઈલ નંબર સહિતનો ડેટા એકત્ર કરાયો હતો. આ ડેટાના આધારે તેમના કેસોની મુદત બાબતે એસએમએસ સીસ્ટમથી મુદત વગેરેની માહિતી પુરી પડાશે તેવી હૈયાધારણ અપાઈ હતી પરંતુ માત્ર એક સપ્તાહમાં જ આ યોજનાનો ફિયાસ્કો થઈ જવા પામ્યો છે.

● અદાલતની ઓફિશિયલ વેબસાઈટ પર ડેઈલી બોર્ડ અપડેટ કરવામાં આવે છે તેનાથી વકીલોને કેસ અંગેની સ્થિતિની પૂરી માહિતી મળી રહેતી હોય છે. આશ્ચર્ય વચ્ચે તા.૩૧મી ઓગષ્ટ ૨૦૧૫ પછી આ વેબસાઈટ અપડેટ જ થવા નથી પામી.

● ગાંધીનગરમાં યોજાનાર 'સ્પીકર્સ કોન્ફરન્સ'માં લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજન ઉપસ્થિત રહેનાર છે. આ કોન્ફરન્સના પગલે સચિવાલય સંકુલને રોશનીથી શણગારવામાં આવ્યું છે. તથા ઘ-૪ સર્કલ અને સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારને પણ રોશનીથી ઝળહળાં કરવામાં આવનાર છે.

● સે-૨૨માં જૈન દેરાસર નજીક એક વિકલાંગ સ્કૂટર ચાલક રોડ સાઈડમાં ખેંચાઈ જઈને પડી જવા પામ્યો હતો. આ ઘટનાને પગલે એકઠા થયેલા નગરજનોએ તેને ઉભો કરી પૂછપરછ કરતા 'આ તો જરા પાર્ટી શાર્ટી કરીને આવ્યો છું એટલે આ બન્યું' તેવો જવાબ મળતા સૌ અવાચક થઈ જવા પામ્યા હતા.

● ગાંધીનગરના આકાશમાં આજે અચાનક વાદળો ઉમટી આવ્યા હતા જેના પગલે નગરમાં ઠંડીના પ્રમાણમાં વધારો થઈ જવા પામ્યો હતો. ઘણા દિવસો બાદ દિવસે પણ ઠંડી લાગતા નગરજનોએ સ્વેટર્સ-ટોપી-મફલર વગેરે ધારણ કરવા પડયા હતાં.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## નિસર્ગ સાયન્સ સેન્ટરનું પર્યાવરણ જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા.૧૮

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા





આજ રોજ સેકટર-૧૫ની વી.પી.એમ.પી. પોલીટેકનીક કોલેજ ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રણીકરણ, જમીન ધોવાણ અને દુષ્કાળ સામે પ્રતિકાર વિષય ઉપર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પોલીટેકનીક કોલેજના ૬૫૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ૫૦ અધ્યાપકો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ડોકયુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી હતી. જેનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધો હતો.

આ કાર્યક્રમમાં મદદનીશ વન સંરક્ષક હેમંતભાઈ સુથારે વિદ્યાર્થીઓને રણીકરણ થવાના કારણો, તેની અસરો, જમીનના ધોવાણને કારણે ખેતીમાં થતા નુકશાન વિશે તેમજ તેની પર્યાવરણ પર થતી અસરો વિશે રસપ્રદ માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પુરી પાડવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. અનિલભાઈ પટેલે રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવા માટે કરાતી પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં વન વિભાગના સંરક્ષક આનંદભાઈ પટેલ, કોલેજના મનીષભાઈ પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલ હાજર રહ્યા હતા.



ગજ્જર સુથાર સમાજ ગુજરાતની રાજય સ્તરીય બેઠક તાજેતરમાં વડોદરા ખાતે મળી હતી. આ બેઠકમાં સમાજનો ૯મો સમૂહ લગ્નોત્સવ આગામી તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ આણંદ જિલ્લાના ધર્મજ ગામ સ્થિત જલારામ મંદિર ખાતે યોજાશે. જેમાં ૧૮ નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાશે. આ સમૂહલગ્નોત્સવના આયોજન અંગે સમાજની રાજય સ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં દિપ પ્રાગટય સમાજના અગ્રણીઓ ઘનશ્યામભાઈ સુથાર, ડાહ્યાભાઈ ગજ્જર, અરવિંદભાઈ સુથાર, ઠાકોર મિસ્ત્રી, કનુભાઈ સુથાર, જગદીશભાઈ સુથાર, જીજ્ઞેશભાઈ સુથાર, કાંતિભાઈ મિસ્ત્રી, શંકરભાઈ હરણીવાળાએ કરી બેઠકનો પ્રારંભ કરાવ્યો હતો. ચંદ્રકાંત મિસ્ત્રી તથા જીતુભાઈએ સમગ્ર બેઠકનું સંચાલન કર્યું હતું.

## પોલિયો રવિવારે રોટરી કલબની પ્રસંશનીય સેવા

**રોટરી કલબના સ્વયં સેવકોએ લોક જાગૃતિ દ્વારા પોલિયો નાબૂદી અભિયાનને સહાયક બળ પુરું પાડયું : કુલ ૧૪૫૫ બાળકોને પોલિયોના ટીપા પીવડાવી પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કર્યું**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં રવિવારે પોલીયો નાબૂદી અભિયાન અંતર્ગત પોલિયોની રસ પીવડાવવાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. આ અભિયાનમાં નગરની રોટરી કલબ દ્વારા ઉત્સાહપૂર્ણ સેવા પુરી પાડવામાં આવી હતી અને તમામ બાળકોને પોલિયોની રસી પીવડાવવા જનજાગૃતિથી માંડીને તમામ પ્રકારની જહેમત ઉઠાવવામાં આવી હતી. રોટરી કલબના સેવાભાવી સ્વયં સેવકોની મહેનતના કારણે ૧૪૫૫ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.

રોટરી કલબ દ્વારા રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલ પોલિયો નાબૂદી અભિયાનને સંપૂર્ણ સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. આ અભિયાન વધુને વધુ બાળકો સુધી પહોંચે તે માટે તમામ રોટેરિયન સ્વયં સેવકો દ્વારા અથાગ મહેનત કરવામાં આવી હતી. શહેરમાં વિવિધ સ્થળે પોલિયોના ટીપા પીવડાવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રોટરી કલબના સ્વયંસેવકો નગરજનોને પોલિયોની રસીની અગત્યતા સમજાવી તેમના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવા આગ્રહ કરાયો હતો. રોટેરિયન સ્વયં સેવકોની મહેનતના કારણે પથિકાશ્રમ




એસટી ડેપો ખાતે યોજાયેલ પોલિયો નાબૂદી કેમ્પમાં ૪૦૮ બાળકોને, અક્ષરધામ ખાતેના કેમ્પમાં ૪૬૩ બાળકો અને અન્ય સેવા વસ્તી વિસ્તારોના મળીને ૫૮૪ બાળકોને પોલિયોની રસી પીવડાવી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. આમ રોટરી કલબના સ્વયં સેવકોના પરિશ્રમના કારણે કુલ ૧૪૫૫ બાળકોને પોલિયોની રસ પીવડાવવામાં સફળતા પ્રાપ્ત થઈ હત.

અત્રે ઉલ્લેખનીય છે કે રોટરી કલબ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સમયાંતરે હાથ ધરવામાં આવતી હોય છે. જેમાં કલબના સભ્યો દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત સરકાર દ્વારા આયોજિત કરાતા જનહિત અને જાહેર સ્વાસ્થ્યના અભિયાનોમાં પણ રોટરી કલબ નિયમિત પણે સામેલ થઈ જન જાગૃતિ અને સેવા આપવાનું કાર્ય સુપેરે બજાવે છે. રોટરી કલબના સ્વયંસેવકો આ પ્રકારના સેવા કાર્યક્રમોમાં તંત્ર સાથે ખભેખભા મિલાવીને ખડે પગે સેવાઓ પ્રદાન કરે છે. પોલિયો નાબૂદી અભિયાન દરમિયાન રોટરી કલબના સ્વયં સેવકોએ આપેલ ઉમદા સેવા ખરેખર પ્રસંશનીય અને અન્યો માટે પ્રેરણાદાયી બનવા પામી છે. હજુ આ અભિયાન અંતર્ગત આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીએ યોજાનાર વધુ એક પોલિયો રવિવાર માટે તમામ સ્વયં સેવકોને વધુ સુંદર સેવા કાર્ય બજાવવા હોદ્દેદારોએ અપીલ કરી છે.

## ગાંધીનગર ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા શાખાની ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના તમામ સભ્યોની મીટીંગ સેકટર-૧૬, યુથ હોસ્ટેલ ખાતે યોજાઈ હતી. જેમાં આગામી વર્ષ ૨૦૧૫-૧૬ માટે નવા સભ્યોની સર્વાનુમતે વરણી કરાઈ હતી. સોસાયટીના ઉપપ્રમુખ તરીકે મિલીન્દભાઈ ગુપ્તે, ચેરમેન તરીકે સુનીલભાઈ સોની, વાઈસ ચેરમેન જીજ્ઞેશ રાવલ, સેક્રેટરી તરીકે હિતેશ રાવલ, ખજાનચી તરીકે જીલુભા ધાંધલ, સહ ખજાનચી તરીકે દિલિપસિંહ રાજપૂત તેમજ મેનેજીંગ કમીટીના સભ્યો તરીકે જયેન્દ્ર પરીખ, હરેન્દ્રસિંહ જાદવ, ડૉ. હાર્દિક તલાટી, ડૉ. રણછોડ રથવી, ડૉ. એકતાબેન પટેલ, એન.કે. પટેલ, સોનલ ચૌહાણ, કૌશિક ભટ્ટ, કેશુભાઈ ઘાસવાળા, ભગુભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ આશાબેન ચૌહાણ, ઉ.વ.૪૯
- સ્વ. હીરાબેન હિંમતલાલ પટેલ, ઉ.વ. ૯૦
- સ્વ. વિદ્યાબહેન હીરાલાલ સેવક, ઉ.વ.૭૭
- સ્વ. મગનભાઈ બિજલભાઈ પરમાર, ઉ.વ.૮૦
- સ્વ. લક્ષ્મણજી પ્રતાપજી સોલંકી, ઉ.વ.૬૭
- સ્વ. હીરાબેન હીરાજી જાદવ, ઉ.વ.૭૦